# ગુજરાત રાજય સ્થાપના દિન

"જય જય ગરવી ગુજરાત, દિપે અરૂણું પ્રભાત, જય જય ગરવી ગુજરાત."

૧લી મે, ૧૯૬૦નો સુવર્ણ દિવસ કે જયારે ગુજરાતને અલગ રાજય તરીકે સ્થાપિત કરવામાં આવ્યું હતું. રાજય સરકાર દ્વારા ગુજરાત ગૌરવ દિનની ઉજવણી અંતર્ગત જનભાગીદારીથી વિવિધ કાર્યક્રમોના આયોજન થકી રાજયના ભવ્ય ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસાને જનજન સુધી ઉજાગર કરવા સમગ્ર રાજયમાં ઉજવણી સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત ગૌરવ દિનની ઉજવણી થકી રાજયની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગતવર્ષે કતારગામ સીમેટ્રીથી શહેરની ઐતિહાસિક ઇમારતોની મુલાકાત 'હેરીટેજ વોક', 'રન ફોર ગુજરાત' 'સુર્યપુરથી સુર્યમંડળ સુધી' પ્રદર્શન તથા ગુજરાતના ખ્યાતનામ કલાકારોનો 'ગુણવંતી ગુજરાત' ઉપર 'ગુજરાતી-હિન્દી ગીતોનો ગુલદસ્તો" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેનો શહેરની કલાપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.